October 2023

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal


Year 19 • Issue 1 / 212

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

• Mumbai • Page 40 • Price Rs. 2/-

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન : 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...



**દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

આત્મીય સ્નેહી સ્વજનો,

*''પ્રણામ''*

*બેહતર સે બેહતર કિ તલાશ કરો,*
*મિલ જાયે નહીં તો સમંદર કિ તલાશ કરો,*
*ટૂટ જાતા હૈ શીસા પત્થર કિ ચોટ સે,*
*ટૂટ જાયે પત્થર ઐસા શીસા તલાશ કરો...*

મારા પાટણ વાસીઓ આપ સૌને અભિનંદન પાઠવતા મને ખુબ જ આનંદ થાય. આપ સહુની ક્ષેમ કુશળતા ચાહું છું.

મિત્રો !

મને વાંચનનો શોખ છે એકવાર રશિયન ફિલોસોફર ગુર્જિયેફનું વ્યક્તિત્વ જાણવા મળ્યું, તેઓ વિચારક અને તત્વજ્ઞાની હતા, પણ એ દુનિયાદારીને બરાબર જાણતા હતા. કોઈ હવાઈ મહેલમાં નહોતા રહેતા એ કહેતા કે મારું કામ તમને વિચાર આપવાનું છે, પણ આ વિચારનો વિનિયોગ કઈ રીતે કરવો તે તમારા હાથમાં છે. પ્રત્યેક માણસ પોતાનો કોલંબસ છે. પ્રત્યેક માણસમાં અપાર અને અગાધ શક્તિ છે. પણ દરેક માણસે પોતાના કોલંબસ થઈને પોતાનો પ્રદેશ શોધવાનો હોય છે.

બસ ! આ જ વાત મારા અજ્ઞાત મનમાં પડી હતી, જ્યારથી શ્રી પાટણ જૈન મંડળનું પ્રમુખપદ સ્વીકાર્યું ત્યારથી સમાજનાં લોકો માટે કંઈક નવું સર્જન કરીને સમાજને જ અર્પણ કરવું.

**તા. ૧૫ ઓક્ટોબર રવિવાર, આસો સુદ ૧** નો સોનેરી સૂર્યોદય આપણા સહુ માટે વિશેષ બની ગયો. તેમાં સર્વ પ્રથમ હું મારી ટીમનો તથા ઉદાર દિલ દાનવીર દાતાઓનો હૃદયપૂર્વકની દિલાવરીથી આભાર માનું છું. જેઓએ **'આજની ઘડી રળિયામણી'** બનાવવા માટે **'સાથી હાથ બઢાના' 'હમ સાથ સાથ હૈ'નું** સૂત્ર અપનાવી **'સૌરભ મેડિકલ હેલ્થકેર'** શ્રી પાટણ જૈન મંડળની શાન બની ગર્વથી ગુંજી રહ્યું છે.

માણસ જે પોતાના માટે વાપરે છે તે ધન છે અને બીજા માટે વાપરે છે તે મહાલક્ષ્મી છે. આ મહાલક્ષ્મી એ મુંબઈના નકશા પરનો સ્થળ નથી પણ હૃદયના નકશા પરનું મંદિર છે. પાટણના લક્ષ્મીનંદનો જરૂરથી એવું માને છે કે ધનની ગતી થવી જોઈએ. તમારું ધન કોઈકને ઉપયોગી થાય તો એમ કહેવાય કે ધનની સદગતી થઈ, જેને પરિણામે પાટણની યશ કીર્તિ સમાન સૌરભ મેડિકલ હેલ્થકેર સેન્ટરનું સર્જન થયું.

સ્મિત એ મનુષ્યની મહામુલી મિરાત છે. આવા સ્મિત સાથે પ્રસન્નતા અને ધન્યતાથી ઉપસ્થિત સર્વજનોએ આ સેન્ટરને હર્ષભેર જે રીતે આવકાર આપ્યો તે સમયે અને પળ ધન્ય અને અલૌકિક અમારા માટે બની રહી હતી જેને અમે ક્યારેય ભૂલી નહીં શકીએ.

ગુરુ ભગવંતના આશીર્વાદ સાથે મારા પૂજ્ય માતાપિતાજીના આશીર્વાદ સાથે આ ભગીરથ કાર્ય સફળ થયું તેનો મને અગણિત આનંદ છે. પ્રત્યેક પળે નાની કે મોટી વાતની નિર્ણાયાત્મક પસંદગી કરવાની હોય છે તે માટે હું મારી ટીમ સાથે વિસ્તાર પૂર્વક ચર્ચા-વિચારણા કરીને તે કાર્ય અમલમાં મુકવા માટે કટિબદ્ધ થાઉ છું. મારા સાથી મિત્રોની ટીમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. જેને કારણે કાર્ય સફળ થયાનો આંક ઉંચો થતો જાય છે. પ્રથમ ઉપપ્રમુખ **શ્રી જનકભાઈ શાહની** ચાર મહિનાથી પ્રતિકુળતા હોવા છતાં સતત અમારા સંપર્કમાં રહીને સલાહ સૂચન આપે છે જ્યાં યોગ્ય લાગે ત્યાં પર્સનલ પણ પોતે ફોન કરીને કામ પુરુ કરવામાં સાથ આપતા રહ્યા છે. ઉપપ્રમુખ **શ્રી હેમંતભાઈ સાલવી** રાત ને દિવસ જોયા વગર

Cont. page 2

સતત સાથે ને સાથે રહીને માર્ગદર્શન આપતા રહ્યા છે. જ્યા જ્યા જરૂર પડી છે ત્યાં રૂબરૂમાં પણ હાજરી આપી છે. દાનવીર દાતાઓએ સહુની સાથે મળીને ઘડિયાળમાં ફરતી એક એક ક્ષણને પકડીને સફળતાનું તિલક લલાટ પર લગાવ્યું છે.

આ સમયે મને કવિ ઉમાશંકરની પંક્તિઓ સતત યાદ આવ્યા કરતી

**‘‘ત્રણ વાના મુજને મળ્યા, હૈયું, મસ્તક, હાથ**
**બહુ દઈ દીધું નાથ! ચોથું નથી માગવું.**

મારી ટીમનો જે રીતે અનન્ય સાથ સહકાર મળ્યો તે જ રીતે મારા પરિવારનો પણ ખૂબ ખૂબ સાથ-સહકાર મળ્યો છે, જે ભૂલી શકાય તેમ નથી. આ અવસરે હું સહુનો ઋણ સ્વીકાર કરું છું.

સૌરભ મેડિકલ હેલ્થકેર સેન્ટરનું જે વિચાર બીજ વાવ્યું હતું તે આજે ૧૧૨ વર્ષના પાટણ જૈન મંડળના ઈતિહાસમાં એક વિકાસનું વટવૃક્ષ બની ગયું. દિન-પ્રતિદિન આપ સહુ તેમજ આપના સગા-સંબંધીઓ પરિવારજનો વિગેરે તેનો લાભ લેતા રહેશો તો સહુને અનૂકુળતા પડશે અને ખુબજ ઉપયોગી સેવાનો લાભ સંસ્થાને મળશે.

આ પ્રોજેક્ટ માટે પ્રાથમિક શાળા-પાટણના મુખ્ય દાતા **શ્રી ત્રિભોવનભાઈ પટેલ** દ્વારા રૂા. ૫ લાખનું યોગદાન પ્રાપ્ત થયેલ છે તે બદલ તેઓ પ્રતિ આભાર વ્યક્ત કરું છું.

પાટણના જૈન સમાજની માતૃ સંસ્થાની ધુરા સંભાળતા સમયે આપને આપેલ ત્રણ વચનો પૈકીના એક વચન એટલે સમાજના જરૂરિયાતવાળા પરિવારોને વધુમાં વધુ આર્થિક સહાયભૂત થવું, જે અંગે જીવન નિર્વાહ યોજનાનો પ્રારંભ કરી ગત વર્ષે રૂા. ૬૪ લાખની વધારાની સહાયતા આપેલ, બીજુ વચન એટલે ગોરેગામ વિસ્તારમાં સમાજનું એક અદ્યતન મેડિકલ હેલ્થકેર સેન્ટર હોય તેને આજે આપ સહું દાતાઓના સહકારથી પરિપૂર્ણ કરી એક રાહતની લાગણી અનુભવું છું. હાલ તુરંત આ સેન્ટર ૨૦૦૦ સ્કે. ફુટ જગ્યામાં કાર્યરત છે. આગામી દોઢ બે વર્ષમાં જવાહર નગરમાં મધ્ય ભાગમાં બેઝમેન્ટ, ગ્રાઉન્ડ, પ્રથમ અને બીજો માળ મળી કુલ ૧૦ હજાર સ્કે.ફીટ વિસ્તારમાં તેનું કાયમી સ્વરૂપે નિર્માણ થશે જેમાં આ સેન્ટરમાં વર્તમાનમાં આપવામાં આવતી સુવિધાઓ ઉપરાંત ઓપરેશન થિયેટર તથા અન્ય અત્યાવશ્યક સુવિધાઓનો પણ સમાવેશ થશે જેની હું ખાતરી આપું છું. મારે સમાજ લક્ષી નવા નવા પ્રોજેક્ટોને સાકાર કરવા સમાજના સખાવતી દાતાઓના સહયોગની અપેક્ષા છે અને રહેશે. હવેના પ્રોજેક્ટ લોનાવલા સેનેટોરિયમ માટેની તૈયારી હાથ ધરવામાં આવશે.

આપણા આગામી પ્રોગ્રામોમાં તા. ૧૯મી નવેમ્બરના રોજ, ગરવારે ક્લબ ખાતે સાંજના નૂતન સ્નેહ સમ્મેલનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

**તા. ૩ ડિસેમ્બરના રોજ સુનહરી યાદે,** સંગીત મઢયો કાર્યક્રમ, બિરલા માતુશ્રી સભાગૃહ ખાતે રાખવામાં આવેલ છે.

**જાન્યુઆરી ૨૦૨૪માં PPL Tournament** માટે ગ્રાઉન્ડ બુક થઈ ગયું છે મેઈન ડોનર The Royaleum Atelier છે.

**જાન્યુઆરી ૨૦૨૪માં જીવન મહેક** સમિતિ દ્વારા તા. ૦૭-૦૧૨૦૨૪ના અપરિણીત યુવક-યુવતી માટે વન-ડે પિકનીકનું આયોજન કરવામાં આવેલ છે.

**ફેબ્રુઆરી ૨૦૨૪માં સમ્મેત શિખરજીની** યાત્રા બાબતે વિસ્તારપૂર્વકની માહિતી હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે.

## CONGRETULATION

To,
Shri Daneshbhai Shah, President,

Dear Sir,
I am very much thankful to you for extending warm Infitation on the holy occasion of Inauguration of SAURABH MEDICAL HEALTH CARE Managed by Shree Patan Jain Mandal at Goregaon (West) Mumbai.
I forward my best wishes on the occasion and pray to initiate more such occasions in future for human benefits in general.
I would like to share little bit on the occasion and enclose a cheque of Rs. Five Lacs on this holy occasion.
Thanks with best wishes.
Thanking you,

Tribhuvanbhai D. Patel

## તંત્રી સ્થાનેથી...

# નવપદની આરાધના



પ્રિય આત્મબંધુઓ...

*''અરિહંત સિદ્ધ પરમાત્મા જેવા દેવ બીજા કોઈ છે જ નહીં,*
*મહાવ્રત ધારી નિર્ગ્રંથ જેવા ગુરુ બીજા કોઈ છે જ નહીં.*
*જૈન ધર્મ જેવા આ જગમાં ધર્મ બીજો કોઈ છે જ નહીં.*
*જૈન શાસન જેવું આ જગમાં શાસન બીજું કોઈ છે જ નહીં.''*

તપશ્ચર્યાનો મહિમા જેટલો જૈન ધર્મમાં બતાવવામાં આવ્યો છે તેટલો અન્ય કોઈ ધર્મમાં જોવા મળતો નથી. ભગવાન બુદ્ધ તપશ્ચર્યાના માર્ગે ગયા. પરંતુ એ માર્ગ તેમને ઘણો આકરો લાગ્યો એટલે મધ્યમ માર્ગનો ઉપદેશ આપ્યો. પરંતુ ભગવાન મહાવીર તપશ્ચર્યાના માર્ગ પર ચરમ સીમા સુધી પહોંચ્યા. તેથી ભગવાનને આપણે 'દીર્ઘ તપસ્વી' તરીકે ઓળખાવીએ છીએ. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે 'સકલાહર્ત' સ્તોત્રમાં ભગવાન મહાવીર વિશે કહ્યું છે : वीरस्य घोरं तपः।

ઈન્દ્રિયોને તેમજ ચિત્તને સંયમમાં રાખવાની જરૂર પડે છે કેમ કે માણસનું મન અત્યંત ચંચળ છે અને જો માણસ મર્યાદા સાચવે નહિ તો તેના માઠા પરિણામ ભોગવવાનો વખત આવે છે. તેથી ઈન્દ્રિયોને સંયમમાં રાખવાની ક્રિયા તે તપશ્ચર્યાના કારણે શરીર તેમ ચિત્ત બન્ને સંયમમાં રહે છે. તપશ્ચર્યાથી કર્મનો ક્ષય થાય અને સંયમથી નવા કર્મ ઓછા બંધાય છે. જૈન ધર્મમાં અનેક વિવિધ પ્રકારના તપો બતાવ્યા છે. તેમાં સૌથી વિશેષ મહત્વ નવપદની આરાધનાનું છે, આ આરાધના એટલે નવપદની આયંબિલની ઓળી. જે શાશ્વતી ઓળી અને વર્ધમાન તપની ઓળી તરીકે પ્રચલિત છે. આ તપની સાથે જૈન શાસનના ચમકતા સિતારા શ્રીપાળ રાજા અને મયણા સુંદરીની કથા વણાયેલી છે. જેના થકી આપણને ધર્મની ખુમારી કેવા કેવા સુંદર પરિણામો આપે છે તે સમજાય છે. વર્ષમાં બે વાર આ શાશ્વતી ઓળી આવે છે. ચૈત્ર મહિનામાં અને આસો મહિનામાં હિંદુ ધર્મમાં આ બન્ને સમયે અંબિકા માતાજીના નોરતા કે નવરાત્રીના નામે ઉત્સવ ઉજવાય છે.

નવકારમાં રહેલાં પંચ પરમેષ્ઠિ સાથે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપનો સમાવેશ કરીને નવપદ, નવ રંગો (જૈન શાસનના બતાવેલ દરેક પદ સાથેના સફેદ, લાલ, લીલો, પીળો, કાળો) શ્રેષ્ઠ આરાધના કરવામાં આવે છે.

***અરિહંત અને સિદ્ધ તે દેવ છે, તે ઉપકારના ભંડાર છે, અરિહંતે શાસન સ્થાપ્યું સિદ્ધ ભગવાનનું સ્વરૂપ સમજાવ્યું.*** આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-સાધ્વીજી તે ગુરુ છે. જ્ઞાન-દર્શન, ચારિત્ર અને તપ તે ધર્મ છે. તેથી દેવ, ગુરુ અને ધર્મની આરાધનાનું સર્વોત્તમ શ્રેષ્ઠ તપ છે, કેટલા પુણ્યના ઉદયથી આપણને જૈન શાસન મળ્યું છે તેનો અહોભાવ હંમેશા આપણા હૃદયમાં રહેવો જોઈએ રોજેરોજ તેના પ્રતિ આભાર માનવો જોઈએ.

આપણે ગુણથી સમૃદ્ધ બનવું હોય તો ગુણવાનની ઉપાસના કરવી જોઈએ અને પુણ્યથી સમૃદ્ધ બનવું હોય તો પુણ્યશાળી વ્યક્તિની ઉપાસના કરવી જોઈએ, જેથી આપણી અંદર પણ આવા ગુણો પ્રગટ થાય.

રસ્તામાંથી પસાર થતાં એક ભાઈની નજર પડી કે સામે એક માણસ કુવામાં પડી ગયો છે. તે ભાઈ ત્યાં ઝડપથી પહોંચી ગયા. પેલો માણસ 'મને બચાવો, મને બચાવો'ની બુમો પાડવા લાગ્યો. પેલાં ભાઈએ અન્ય ચાર માણસોની મદદથી એક દોરડું કુવામાં નીચે ઉતાર્યું અને પેલા માણસને બરાબર પકડવા કહ્યું ચાર માણસોએ ભેગા મળી દોરડું ખેંચવાની શરૂઆત કરી. પેલો માણસ હેમખેમ બહાર આવી ગયો. વિચારો કે આ માણસને બચાવનાર શું આ દોરડું છે ? તો જવાબ મળશે 'હા' હવે આ દોરડું તો કાંઈ કરતું નહોતું. છતાં બચાવનાર છે દોરડું. તેમ આ સંસાર પણ એક કુવો છે તે કુવામાં આપણે બધાં જ ડૂબ્યાં છીએ. આપણને તેમાંથી પકડીને બહાર કાઢનાર તે અરિહંત પરમાત્મા છે તેઓએ આપણને દોરડું આપ્યું. આ દોરડું કોનું છે ? અરિહંત પરમાત્મા છે તેમનું શરણ સ્વીકારી લઈએ તો એજ આપણા પણ તારણહાર બની રહેશે.

પણ તેના માટે જોઈએ શ્રદ્ધા, ભક્તિ અને ખુમારી. કદાચ આપણાં સૌનાં દિલમાં દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ભક્તિ અને ખુમારી. કદાચ આપણા સૌનાં દિલમાં દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ભક્તિ અને શ્રદ્ધા તો જરૂર હશે. પણ ધર્મ પ્રત્યેની ખુમારી કેટલી ? તે આત્મચિંતન માંગી લે છે.

''अरिहंतसमो देवो नास्ति''...

અરિહંત પરમાત્માની આજ્ઞા છે વિશ્વમૈત્રીની તેમના આપણા ભાવપૂર્વ નમસ્કાર.

ભગવાને કહ્યું છે કે સિદ્ધ થવું હોય તો સીધો થા, હૃદયથી સરળ થા તો સિદ્ધ ક્ષેત્રમાં પહોચાંશે. હે સિદ્ધ ભગવંતો મારા ભાવ પૂર્વક નમસ્કાર.

જૈન શાસનમાં આચર્ય ભગવંતો પંચાચારનું પાલન કરનારા, છત્રીસ ગુણોના ધારકની જેમ આપણે પણ પાંચ આચારનું પાલન કરવાનો પુરુષાર્થ આત્મ કલ્યાણ માટે કરવો જરૂરી છે. ગુરુ ભગવંતોને નતમસ્તકે વંદન.

ઉપાધ્યાય ભગવાન આપણા જેવા સામાન્ય કક્ષાના લોકો માટે જ્ઞાનનો દીવો અને શ્રુતજ્ઞાનની મશાલ હાથમાં લઈને ઊભા છે તેઓ જ્ઞાનામૃતનુ પાન કરાવે છે તેઓની આજ્ઞા છે કે શ્રાવકો અને શ્રાવિકાઓએ સમ્યગ જ્ઞાન તો અવશ્ય ભણવું જોઈએ.

ઉપાધ્યાય ભગવાનને આપણા નમસ્કાર!

સાધુપણું લીધા વિના અરિહંત સિદ્ધ આચાર્ય અને ઉપાધ્યાયની એકપણ ડીગ્રી મળતી જ નથી. સ્વની સાધના કરતા કરતા સમાજનું શ્રેય કરે છે તે સાધુ.

**''નમો લોએ સવ્વ સાહુણં''** બોલીએ ત્યાં તો વિશ્વમાં રહેલા કરોડો સાધુ સાધ્વીજીને આપણા વંદન પહોંચી જાય છે.

દર્શનપદની આરાધના એટલે આત્માનું દર્શન, અને દેવ ગુરુ ધર્મ પ્રત્યેની શ્રદ્ધા. સમ્યક દર્શન વિના એકપણ ગુણસ્થાનક આવતું નથી.

**''નમો દંસણસ્સ''ને ભાવ પૂર્વક નમસ્કાર.**

જ્ઞાનની ભાવપૂર્વક આરાધના કરવાથી આત્માપરનો અંધકાર દૂર થાય છે. જ્ઞાનનો પ્રકાશ પથરાય છે તેથી હંમેશા એક એક સૂત્રની એક એક ગાથા કંઠસ્થ કરવી જ જોઈએ. જ્ઞાનની કોઈપણ પ્રકારે અશાતના તો ન જ કરાય.

**''નમો ચારિત્રસ્સ''**

મનુષ્ય માત્રનું ચારિત્ર એ જ એના જીવનનું સૌંદર્ય છે. જે સદ્‌ગુણોના મોતીથી ભરેલું હોય તેમાં ૪ ગુણો મહત્વના બતાવ્યા છે, મધુર વાણી, હૃદયમાં કોમળતા, બુદ્ધિમાં વિવેક અને જીવનમાં સંયમ પરમાત્માના શાસનને પામ્યા પછી ચારિત્ર ગુણો ખીલવીને જીવનમાં તપના પ્રભાવથી આનંદ પ્રગટે આત્મામાં સહજ શીતલ સ્વભાવથી નવપદજી ઓળીનો છેલ્લો દિવસ તપનો છે. તપ દ્વારા જ અનંત કર્મની નિર્જરા થશે. તપના પણ બાર પ્રકાર બતાવવામાં આવ્યા છે આહારસંજ્ઞા પર કાપ મુકાશે તો તે તપ ધર્મની સાધના સફળ બની જશે.

નવપદજીની ઓળીના સર્વે આરાધકોની આ તપશ્ચર્યા સુખ-શાતા પૂર્વક સંપન્ન થાય તેવી જ પ્રાર્થના.

**અસ્તુ.**

**❑ ભારતી બી. શાહ**

---



## અભિવંદન...... અભિનંદન...... અભિવાદન.......



આજની નવલી પ્રભાતે આસો સુદ એકમનાં રવિવારનાં રોજ **શ્રી પાટણ જૈન મંડળનાં ૧૧૨ વર્ષનાં ઇતિહાસમાં** શ્રી પંચાસરદાદાની અસીમ કૃપાથી એક સોનેરી અવસર આવી ગયો છે.

પ્રમુખ **શ્રી દાનેશભાઇએ વાવેલું વિચાર બીજ આજે માનવતાનો મહોત્સવ** બનીને સમાજમાં એક નવી યશકલગી પહેરાવી છે.

તેઓએ પોતાની ટીમમાં **વિઝનરી લીડર્સોને** એક મંચ પર સાથે લાવીને સૌ સાથે મળીને આગળ વધીએ એવો નવતર વિચાર આપ્યો. દૂરંદર્શી નેતૃત્વ સાથે સકારાત્મક અભિગમ દ્વારા સમાજનાં ઉદાર દિલ દાતા પરિવારોનો સંપૂર્ણ સહકાર મેળવીને આપણાં સમાજની એક નવતર ઓળખ ઊભી કરી છે.

છેલ્લા છ મહિનાથી સતત મહેનત કરીને સૌરભ મેડિકલ હેલ્થ કેર સેન્ટરનું સર્જન કર્યું છે. આ સેન્ટર સમય જતાં સહુના માટે લાભ દાયક બની રહે, પૂજ્ય ગુરુ ભગવંતોની વૈયાવચ્ચનો ઉત્તમ લાભ મળશે તેવી ભાવના સાથે **આ સેન્ટર સુપર સ્પેશિયાલિસ્ટ બને તેવી શુભેચ્છા.**

**ધન્યવાદ**

**ભારતી બી. શાહ (કનાસાનો પાડો)**

# શ્રી પાટણ જૈન મંડળના ૧૧૨ વર્ષના ઈતિહાસમાં સર્વ પ્રથમવાર પાટણ સમાજના લોકો માટે લોકાર્પણ





























# સૌરભ મેડિકલ હેલ્થકેરની યશોગાથા

સંસ્થા એટલે સમાજ સેવાના કાર્યો કરનાર એક સબળ માધ્યમ અને તેમાં શ્રી પાટણ જૈન મંડળ દ્વારા ૧૧૨ વર્ષના ઈતિહાસમાં **''ન ભૂતો ન ભવિષ્યતી''** જેવા એક પછી એક નવા સોપાનો સર કરવા હોંશભેર અને જોશભેર વર્તમાન સમયની જરૂરિયાત મુજબ પદાર્પણ કર્યું છે.

તા. ૧૫ ઓક્ટોબરની સોનેરી સવારે એક ગૌરવવંતો ઈતિહાસ રચ્યો છે, સમગ્ર પાટણની આન, બાન ને શાન ધરાવતું, ગરિમામય વાતાવરણમાં **''સૌરભ મેડિકલ હેલ્થકેરનું ઉદ્‌ઘાટન** પૂજ્ય ગુરુ ભગવંતના માંગલિકમય આશિર્વાદ સાથે સંપન્ન થયું.

ગીતામાં કહ્યું છે; **''યોગઃ કર્મસુ કૌશલમ્''** કામ કરવાની કુશળતા એ પણ એક યોગ છે. ઈશ્વરની કૃપા અને શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ **શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા)** પ્રથમ ઉ.પ્રમુખ **શ્રી જનકભાઈ શાહ, શ્રી હેમંતભાઈ સાલવી** સાથે મંત્રીઓ અને સમગ્ર ટીમના પુરુષાર્થ વડે આ સેન્ટરને સમાજ માટે અર્પણ કર્યું છે. તે સમયે દરેક વિભાગના જે જે દાતાઓ હતા તેઓએ તેમના પરિવાર સાથે મળીને લાલ રીબીન કટ કરીને સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવાનો લાભ લીધો હતો. આ પ્રસંગે સહુને મોઢુ મીઠુ કરાવવામાં આવ્યું હતું, દરેકના મુખ પર આનંદના અને લાગણીના ભાવ રમતા હતા.

આ પ્રસંગે ગોરેગામ ખાતે પાટણની બહેનોએ ત્યાંના દેરાસરમાં સ્નાત્ર મહોત્સવ કરી પરમાત્માના આર્શીવાદ મેળવ્યા હતા અને પાટણ સમાજ માટે શુભકામના કરી હતી. ત્યાંરબાદ સેન્ટરના પ્રવેશ સમયે આંગનમાં કુમકુમના થાપા દરેક ડોનરો પાસે કરાવીને કુંભ સ્થાપન કરીને વિધિસર પ્રવેશ કરવામાં આવ્યો હતો.

મુંબઈના મુખ્ય પરા અને મીની પાટણ તરીકે ઓળખવામાં આવતાં ગોરેગાંવ ખાતે એસ વી રોડ જેવા રોડ ટચ વિસ્તારમાં સૌરભ મેડિકલ કેર નામે અત્યાધુનિક ટેકનોલોજી સાથેના લેટેસ્ટ મશીન સાથેનું લગભગ પચ્ચીસ કરોડના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનુ ઉદાર દિલ દાતાઓના વરદ્ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે તેનું સંસ્થાને ગૌરવ છે.

બારી કે બારણાની તીરાડોમાંથી ફુલની સુગંધ જેમ હવા સાથે પ્રસરે છે, તનને મનને રોમાંચિત કરે છે તેવી ઉત્તમ આનંદલહેરીએ બેસતા મહિનાના શુભ દિવસે સૌરભ મેડિકલ સેન્ટરમાં પ્રસરીને ઉપસ્થિત સહુના મનને ડોલાવી દીધા.

આ સેન્ટરના મુખ્ય દાતા **શ્રીમતી અરૂણાબેન બાબુલાલ છોટાલાલ શાહ પરિવાર** (વખતજીની શેરી) ના કરકમળો દ્વારા મંગલમય ચોઘડિયામાં ઉદ્‌ઘાટન કરી પાટણ જૈન સમાજ માટે ખુલ્લું મુકાયું હતું. એ સમયે ઘણા બધાએ બ્લડ ટેસ્ટ તેમજ લીપીડ પ્રોફાઈલ રીપોર્ટસ કઢાવવા માટે લાઈન લગાવી હતી.

ત્યારબાદ **કાર્ડિયાક, પેથોલોજી, સોનોગ્રાફી, ડાયાલીસીસ સેન્ટર, મેમોગ્રાફી, કન્સલ્ટીંગ , વેઈટિંગ અરિયા, રિસેપ્શન, ઓપીજી, કોન્ફરન્સ રૂમ, સાધુ અને સાધ્વીજી ભગવંતરૂમ** ઈત્યાદી દાતાઓના આર્થિક સહકારથી નિર્માણ પામેલ એક પછી એક વિભાગનું તેમના પરિવારના સભ્યો દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

**આઈ. બી. પટેલ વિદ્યાલય** ખાતે દાતા અભિવાદનનો ત્યારબાદ શાનદાર કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. જેમાં **શ્રી વિજયભાઈ દોશી** દ્વારા મહામંગલકારી નવકાર મહામંત્રનું પઠન કરીને કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. તેઓએ પોતાના મધુર કંઠે ભાવ ગીતો રજૂ કરી વાતાવરણને સતત ઉર્જામય બનાવ્યું હતું.

મંડળના પ્રમુખ **શ્રી દાનેશભાઈ**, ઉપપ્રમુખ **શ્રી હેમંતભાઈ સાલવી, શ્રી રાજેન્દ્ર જયંતિલાલ, શ્રી હિતેનભાઈ વિમાવાલા,** ટ્રસ્ટીઓ **શ્રી પ્રદીપભાઈ, શ્રી રમેશભાઈ છબીલદાસ, શ્રી દિપકભાઈ રેવંતીલાલ, શ્રી રવિભાઈ સેવંતીલાલ,** પૂર્વ પ્રમુખ **શ્રી દિનેશભાઈ રસિકલાલ** તથા પ્રોજેક્ટના મુખ્ય દાતા **શ્રી હરેશભાઈ બી. શાહ, શ્રી ચિરાગભાઈ એ. શાહ,** અને એડમીન સેક્રેટરી **શ્રી દેવેશભાઈ શાહ** દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું

આ કાર્યક્રમનું મંડળના એડમીન સેક્રેટરી **શ્રી દેવેશભાઈ** દ્વારા ખુબજ સુંદર રીતે સંચાલન કરવામાં આવ્યું હતું જેમાં શરૂઆતમાં ઉપપ્રમુખ **શ્રી રાજેન્દ્રભાઈ** દ્વારા આ પ્રોજેક્ટ માટે **શ્રી દાનેશભાઈ, શ્રી હેમંતભાઈ તથા શ્રી જનકભાઈ** દ્વારા લેવામાં આવેલ સખત જહેમત બદલ બિરદાવામાં આવ્યા હતા.

ઉપપ્રમુખ **શ્રી હેમંતભાઈ સાલવી** દ્વારા આ પ્રોજેક્ટ અંગે વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી હતી. વધુમાં તેઓએ પોતાના ઉદ્‌બોધનમાં કહ્યું હતું કે, આ મેડિકલ સેન્ટર આજની પ્રાથમિક આવશ્યકતા છે તેમજ તેમાં વસાવેલા દરેક વિભાગના અત્યાધુનિક મશિનો દ્વારા વિવિધ રોગોના જીણવટ પૂર્વક નિદાન થશે, તેમજ પરામાં વસતા સહુ કોઈ માટે આ મેડિકલ સેન્ટર ટૂંક સમયમાં ખુબજ ઉપયોગી સાબિત થશે તેવી મને શ્રદ્ધા છે.

પ્રમુખ **શ્રી દાનેશભાઈએ** પોતા પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટમાં મુખ્ય દાતા તરીકે જોડાયેલ **શ્રી હરેશભાઈ બાબુલાલ શાહનો** દાન મેળવવા માટે તેઓની સાથે અવારનવાર મીટીંગો ગોઠવી સક્રિય યોગદાન આપનાર **શ્રી સંજયભાઈ રમેશચંદ્ર**

શાહ પ્રત્યે આભારભાવ વ્યક્ત કર્યો હતો. આ પ્રોજેક્ટ માટે રૂપિયા પાંચ કરોડના દાનની શ્રી હરેશભાઈ તરફથી સ્વેચ્છાએ જાહેરાત થતાં અમારામાં એકદમ હિંમ્મત આવી ગઈ હતી અને પછી તો એક પછી એક દાતાઓ સ્વૈચ્છિક રીતે જોડાતાં ગયા. શ્રી હરેશભાઈની માતબર રકમનું દાન મળતા સમાજના લોકોમાં ઉત્સાહ વધ્યો હતો અને પછી તો દાનનો પ્રવાહ ચાલુ થઈ ગયો. માત્ર સાડા ચાર મહિનામાં આ પ્રોજેક્ટનુ સેવેલ સ્વપ્ન આજે સાકાર થયેલું છે તે બદલ આનંદવિભોર બની ગયા હતા. તેમણે પોતાના વક્તવ્યમાં પન્નાબેન સોનાવાલાના વિલ મારફતે આ પ્રોજેક્ટ માટે લગભગ ચાર કરોડ જેવી રકમ પ્રાપ્ત થયેલ છે તે બદલ વિલના એક્ઝિક્યુટર શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ, શ્રી મહેન્દ્રભાઈ નેમચદ ગુંદરવાલા પ્રતિ વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો તો સાથોસાથ માત્ર સાધુ સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ માટે શ્રી અશોકભાઈ પોપટલાલ શાહ અને શ્રી નિરંજનભાઈ પોપટલાલ શાહ પરિવાર તરફથી તેમના સુપુત્ર શ્રી ચીરાગભાઈ શાહે એક કરોડની રકમ સમર્પિત કરી અટકી નહીં જતાં સેન્ટરના મકાનમાં વધુ બે હજાર સ્ક્વેર ફુટની જગ્યા જેની કિંમત પણ લગભગ પાંચ કરોડની આસપાસ થાય છે તે પણ સમાજને અર્પણ કરતા તેમનો અંતઃકરણપૂર્વક આભાર માની દાતાઓની ભૂરી ભૂરી અનુમોદના કરવામાં આવી હતી. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે આ સમગ્ર પ્રોજેક્ટમાં પ્રથમ ઉપપ્રમુખ શ્રી જનકભાઈ શાહની પ્રતિકુળતા હોવા છતાં તેઓએ ઘરે બેસીને પણ સંપૂર્ણ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા રહ્યા હતા અને ખુબ જ ઉપયોગી માર્ગદર્શન આપતા રહેતા હતા. આ સાથે શ્રી હેમંતભાઈ સાલવીના સતત ૨૪ કલાક સાથ અને સહકાર આપવા બદલ તેમના પ્રત્યે ઋણ સ્વીકાર કરી આભાર માન્યો હતો.

આ અવસરે પ્રોજેક્ટના મુખ્ય દાતા શ્રી હરેશભાઈ બાબુલાલ શાહ દ્વારા પોતાના પ્રાસંગીક ઉદબોધનમાં મંડળ દ્વારા મરીનડ્રાઈવ ખાતેના મકાનમાં તેમનાં પરિવારજનો માટે ફાળવવામાં આવેલ બ્લોકની ઋણ અદાયગીમા આ દાન આપ્યું છે તેમ જાહેર કરવામાં આવ્યું હતું.

સહયોગી દાતા શ્રી ચિરાગભાઈ અશોકભાઈ શાહ દ્વારા પોતાના પ્રાસંગીક પ્રવચનમાં પોતાનું વક્તવ્ય આપતા કહ્યું કે આ સંસ્થા મારી છે અને સંસ્થાને સહાયક થવું મારી ફરજ છે તેમ જણાવ્યું હતું. સાથોસાથ સમાજના લોકોએ પણ સંસ્થાની પડખે ઊભા રહેવાની તક ઝડપી લેવી જોઈએ તેમ જણાવ્યું હતું અને ઈચ્છા વ્યક્ત કરી હતી કે ભવિષ્યમાં એક હૉસ્પિટલ આપણે બનાવી શકીએ તેવી ભાવના રાખવી જોઈએ.

પ્રોજેક્ટના મુખ્ય દાતા પરિવારનું મંડળના પ્રમુખ શ્રી દાનેશભાઈ તથા શ્રી હેમંતભાઈ સાલવીના વરદ હસ્તે અભિવાદન કરવામાં આવ્યું જેને અત્રે ઉપસ્થિત સર્વે ભાઈ બહેનોએ Standing ovation આપી બિરદાવવામાં આવ્યા હતા. ત્યારબાદ દરેક દાતા પરિવારને સંસ્થાના પ્રમુખ, ઉપ પ્રમુખ, માનદ મંત્રી, ટ્રસ્ટી મંડળ તથા મેડિકલ સમિતિના માનદમંત્રી ના વરદહસ્તે રજત સ્મૃતિ ચિન્હ તથા મોમેન્ટો એનાયત કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

આજના કાર્યક્રમની વિશેષતા એટલે જેમનાં મેડિકલ સેન્ટરના વિશાળ ખર્ચમાં સહાયક થવાની વિવિધ યોજનાઓ અંગે સુચનો અને દાતાઓના સતત સંપર્કમાં રહી આ પ્રોજેક્ટને આર્થિક પીઠબળ અપાવવા માટે સક્રિય કાર્ય કરનાર અને પ્રતિકુળતા હોવા છતાં અત્રે ઉપસ્થિત રહેનાર મંડળના પ્રથમ ઉપપ્રમુખ શ્રી જનકભાઈ અરવિંદભાઈને બિરદાવતાં અત્યંત હર્ષની લાગણી અનુભવાય છે

સંસ્થાના આ પ્રોજેક્ટ માટે દિવસ રાતની સખત જહેમત ઉઠાવી આજે તેને સાકાર કરવા નિમીત બનેલ કનાસાના પાડાના શ્રી અશોકભાઈ દલપતભાઈ શાહ, લગભગ ચાર માસમાં આ પરિકલ્પનાને મૂર્તિમંત સ્વરૂપ આપનાર કોન્ટ્રાકટર ઉમેશભાઈ તેમજ આ પ્રોજેક્ટમાં સી.ઈ.ઓ. તરીકે પોતાની સેવાની સુવાસ ફેલાવનાર શ્રી આનંદ આન્ધેને મંડળના હોદ્દેદારો દ્વારા પુષ્પ ગુચ્છ આપી સન્માનિત કરવામાં આવ્યા.સેન્ટરના સી.ઈ.ઓ. દ્વારા સૌરભ મેડિકલ હેલ્થકેરના દરેક વિભાગ તથા મશીન ઈત્યાદિનુ પાવર પ્રેઝન્ટેશન દ્વારા સુંદર વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડોક્ટર પ્રવિણાબેન, ડોક્ટર કેરુલ ઝવેરી તથા ડોક્ટર કાબરાજીએ મંડળના આ કલ્યાણકારી પ્રોજેક્ટની સરાહના કરતાં જણાવ્યું હતું કે અદ્યતન મશીન સાથેનું આ સેન્ટર ટૂંક સમયમાં પરા વિસ્તારમાં સહુનાં પસંદગીનું સેન્ટર બની રહેશે. વધુમાં જણાવ્યું હતું કે શ્રી દાનેશભાઈ, શ્રી હેમંતભાઈ, શ્રી જનકભાઈ તથા તેની સમગ્ર ટીમ દ્વારા સખત પરિશ્રમ લઈને એકદમ ટૂંક સમયમાં નિર્માણ કાર્ય સંપન્ન કરેલ છે તે બદલ તેઓ સંપૂર્ણ યશના ભાગીદાર છે.

અને છેલ્લે મંડળના મેડિકલ સમિતિના માનદમંત્રી શ્રી નિખિલભાઈ રવિન્દ્ર ભાઈ દ્વારા પ્રોજેક્ટના દાતાઓ, કાર્યકર ભાઈ અને બહેનો પ્રત્યે આભાર માનવામાં આવ્યો હતો.

દાતાઓના અભિવાદન માટે એકદમ ટૂંક સમયમાં કલાત્મક મોમેન્ટો તૈયાર કરાવવા સખત મહેનત કરનાર મંડળના માનદમંત્રી શ્રી અમિતભાઈ સેવંતીલાલ શાહના યોગદાન બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આજના કાર્યક્રમની યશકલગી એટલે પાટણ ખાતે પ્રાથમિક શાળાના મુખ્ય દાતા શ્રી ત્રિભોવનદાસ પટેલ દ્વારા આ પ્રોજેક્ટ ઉદઘાટન સમારોહ પ્રસંગે ઉપસ્થિત રહી ના શકવાના રંજ સાથે સ્વૈચ્છિક રૂપિયા પાંચ લાખનું દાન સમર્પિત કરવામાં આવ્યું છે તે બદલ તેઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

પાટણ જૈન સમાજ માટે ઘણું ઉપયોગી, રૂચિ વર્ધકને મૂલ્ય વર્ધક એવું સુંદર માનવ સેવાનું આ કાર્ય થવાથી સહુને આનંદની લાગણી થઈ છે.


MOHANLAL SHAH
HASTE ANJALI DHARMESH PANDIT
(PRINCE DEVELOPER)
RECEPTION AREA


IN MEMORY




TUSHAR - AMI, DIPEN - MONITA
MAMMOGRAPHY
SHRI SHANTILAL NAGINDAS SHAH
(SHUBH TRUST)
HASTE: MAHENDRABHAI
JAYANTIBHAI & CHINUBHAI
DIALYSIS CENTRE


GES
GOREGAON
EDUCATION SOCIETY




GES
GOREGAON EDUCATION SOCIETY


GES
GOREGAON EDUCATION SOCIETY


GES
GOREGAON EDUCATION SOCIETY


GES
GOREGAON EDUCATION SOCIETY


GES
GOREGAON EDUCATION SOCIETY




















































# Shree Patan Jain Mandal
# Saurabh Medical Helth Care
## (Goregaon)

## <u>We Welcome Donors for the following Department</u>

| | | | |
|---|---|---|---|
| 14. | X-ray | ... | 1.25 Cr |
| 15. | Physiotherapy | ... | 1.25 Cr |
| 16. | General Surgery | ... | 1.25 Cr |
| 17. | Dental | ... | 1.00 Cr |
| 18. | ENT | ... | 1.00 Cr |
| 19. | Ophthalmology | ... | 1.00 Cr |
| 20. | Pediatric | ... | 1.00 Cr |
| 21. | Dermatology | ... | 0.50 Cr |
| 22. | Homeopathy | ... | 0.50 Cr |
| 23. | Internal Medicine | ... | 0.50 Cr |
| 24. | Orthopedic | ... | 0.50 Cr |
| 25. | Ayurvedic | ... | 0.50 Cr |
| 26. | Diabetic | ... | 0.50 Cr |
| 27. | Gynecology | ... | 0.50 Cr |

**<u>Contact for Donation</u>**

Shri Daneshbhai Vinodchandra Shah
Mo. 9930891985

Shri Hemantbhai Kantilal Salvi
Mo. 9820048367

Shri Janakbhai Arvindkumar Shah
Mo. 9820064668

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સૂચિત નૂતન પ્રાથમિક શાળા માટે દાનની વિજ્ઞપ્તિ



**સમાજના દાતાશ્રીઓનો અદ્‌ભુત પ્રતિસાદ**
**રૂા. ૫ કરોડના પ્રોજેક્ટ સામે લગભગ રૂા. ૩.૭૨ કરોડની દાન ઉપલબ્ધી.**

| | |
|---|---|
| **શાળાના મુખ્ય દાતા શ્રી ત્રિભોવનભાઈ ડી. પટેલ** | રૂા. ૧,૫૧,૦૦,૦૦૦/- |
| ગત પ્રતિબિંબ અંકોમાં પ્રકાશિત થયા મુજબ | |
| ◆ ૧૪ ક્લાસરૂમના દાતાશ્રીઓ | રૂા. ૯૮,૦૦,૦૦૦/- |
| ◆ કોમ્પ્યુટ રૂમ, સિદ્ધહેમ લોબી, લાયબ્રેરી, સ્ટાફરૂમ, પ્રિન્સીપલ રૂમ, સંગીત રૂમ, આર્ટ રૂમ, બાલવાટીકા, વિઝિટર્સ રૂમ, વોટર રૂમ, કેન્ટીન વિગેરે વિભાગના દાતાશ્રીઓ | રૂા. ૧,૧૭,૫૦,૦૦૦/- |
| કેન્ટીન : શ્રીમતી કાંતાબેન મોતીચંદ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રિતીબેન પરેશભાઈ શાહ | રૂા. ૫,૫૦,૦૦૦/- |
| **દાતાશ્રીઓની અનુમોદના - સહ અભિનંદન** કુલ રકમ | રૂા. ૩,૭૨,૦૦,૦૦૦/- |

**શિક્ષણ પ્રદાન ક્ષેત્રના આ અભિયાનમાં તમો સહભાગી બન્યા છો ? આજેજ વિચારો... આજેજ જોડાઓ...**
**પુણ્યાનુબંધી પુણ્ય કમાવો.... વર્ષો વર્ષની સ્મૃતિ માટે તમારા પરિવારની તક્તી અંકિત કરાવો....**

**૨૯ સ્કીમો માટે દાતાશ્રીઓ પ્રાપ્ત છે, બાકી રહેલી ૬ સ્કીમો માટે દાતાશ્રીઓ આવકાર્ય છે**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ◆ Science Lab | 1 | ... | 25,00,000 | ◆ Conference Room | 1 | ... | 30,00,000 |
| ◆ General Lab | 1 | ... | 25,00,000 | ◆ Multipurpose Hall | 1 | ... | 30,00,000 |
| ◆ Sidhahem Lobby | 1 | ... | 10,00,000 | ◆ Lift each | 2 | ... | 5,50,000 |

**નૂતન પ્રાથમિક સ્કુલ પ્રોજેક્ટમાં નાનાથી મોટા દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થિઓ તથા પટ્ટણીઓ વિદ્યાદાન આપી જોડાઈ શકે તે હેતુથી નીચે મુજબની યોજના જાહેર કરતા હર્ષની લાગણી અનુભવીએ છીએ.**

| GOLDEN STONE | SILVER STONE |
|---|---|
| **Scheme** | **Scheme** |
| **2,00,000/- (રૂા. ૨ લાખ)** | **1,00,000/- (રૂા. ૧ લાખ)** |
| જુન ૨૪ સુધીમાં આ રકમ ભરપાઈ કરવાની રહેશે. | જુન ૨૪ સુધીમાં આ રકમ ભરપાઈ કરવાની રહેશે. |

ગોલ્ડન સ્ટોનના દાતા શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતિલાલ શાહ (દેવડાવાળા)

દાન આપનારનું નામ નૂતન વિદ્યાલયમાં ગ્રેનાઈટની તક્તી પર સોનેરી તથા રૂપેરી અક્ષરે મઢવામાં આવશે.

વિદ્યાદાન આપી પૂણ્યાનુંબંધી પૂણ્ય કમાવવાની અમૂલ્ય તક.

શ્રી પાટણ જૈન મંડળ : ૮૭૭૯૧૬૧૨૦૯ ✻ પ્રમુખશ્રી, શ્રી દાનેશભાઈ વી. શાહ - ૯૯૩૦૮૯૧૯૮૫
ઉપપ્રમુખ, શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ - ૯૩૨૨૨૨૭૨૦૯ ✻ માનદમંત્રી, વિદ્યાલય શ્રી ભરતભાઈ સી. શાહ - ૯૩૨૩૧૮૯૯૪૧

# શ્રી પાટણ જૈન મંડળ

**પ્રોગ્રામ સમિતિ** આયોજિત

**શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર**

પ્રેરિત

# નૂતન વર્ષ સ્નેહ સંમેલન

## હાર્દિક આમંત્રણ

સમાજના ભાઈ-બહેનો, સૌ સામૂહિક રીતે સાથે મળ્યાનો આનંદ માણી શકે, તેવી શુભ ભાવનાથી શ્રી પાટણ જૈન મંડળ દ્વારા **નૂતન વર્ષ સ્નેહ સંમેલનનું** આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમાજના સર્વે પરિવારોને પધારવા અમારું હાર્દિક આમંત્રણ છે.

**દિનાંક: કારતક સુદ ૦૪, શુક્રવાર, તા. ૧૭-૧૧-૨૦૨૩**

**સમય: ૪.૦૦ થી ૭.૦૦ કલાકે**

**સ્થળ : ગરવારે ક્લબ હાઉસ, ડી. રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦**

અલ્પાહારની વ્યવસ્થા સાથે મનોરંજન કાર્યક્રમ રાખેલ છે.

(સૂર્યાસ્ત પછી અલ્પાહાર કાઉન્ટર બંધ થશે) (વેલેપાર્કિંગ રાખેલ છે.)



તા.ક. : નૂતન વર્ષ સ્નેહ સંમેલનના વ્યક્તિગત નિમંત્રણ કાર્ડ મોકલવામાં આવશે નહી.

જીવન સૌરભ
પાટણ સીનીયર સીટીઝન ફોરમ

જ્ઞાન * દર્શન * ચારિત્ર
શ્રી પાટણ જૈન મંડળ
સેવા * સહકાર * સંગઠન
Shree Patan Jain Mandal




**ડોનેશન પાસ વ્યક્તિદીઠ રૂા. ૧૦૦/-**

**સૌજન્ય દાતાશ્રીઓ**

**શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પરિવાર (કનાસાનો પાડો)**
**ડૉ જશવંતભાઈ મણિલાલ શાહ પરિવાર (ભાભાનો પાડો)**
**શ્રીમતી સુરેખાબેન જશવંતભાઈ શાહ પરિવાર (ભાભાનો પાડો)**
**શ્રીમતી કુસુમબેન સનાલાલ જેશંગલાલ શાહ પરિવાર (ઝવેરી વાડો)**
**(એમની ૯૩મી જન્મદિવસની ખુશાલી નિમિત્તે)**

**પાસ વિતરણ : શુક્રવાર તા. ૦૮-૧૧-૨૦૨૩ થી વહેલો તે પહેલોના ધોરણે**

શ્રી પાટણ જૈન મંડળ મુખ્ય કાર્યાલય : ૭૭, મરીનડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦. ફોન : ૨૨૮૧૧૩૪૬ / ૮૭૭૯૧૬૧૨૦૯ • સમય: ૧૦.૩૦થી ૬.૦૦
ગોરેગામ શાખા : રૂપમ, ૧૫૨, જવાહર નગર, ગોરેગામ (વે), મુંબઈ- ૬૨. ફોન : ૯૦૭૬૨૪૨૩૮૧ • સમય: ૯.૩૦થી ૧૨.૩૦ અને ૪.૦૦ થી ૭.૦૦
બોરીવલી શાખા : એ-૨૩/૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઈ), મુંબઈ-૪૦૦૦૬૮ ફોન: ૯૩૨૧૩૬૧૧૧૦ • સમય: ૯.૩૦થી ૧૨.૩૦ અને ૩.૩૦થી ૬.૩૦
ભાયંદર શાખા : સિદ્ધાર્થ કો.હા.સો., શિવસેના ગલી, ભાયંદર (વે) થાણા-૪૦૦૧૦૧ ફોન: ૯૦૨૯૫૨૧૦૦૦ • સમય: ૯.૦૦થી ૧૨.૩૦ અને ૪.૦૦થી ૬.૩૦

| શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ | શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતિલાલ દેવડાવાળા | શ્રી મિલનભાઈ વિપીનચંદ્ર શાહ |
|---|---|---|
| વિલેપાર્લા - 9820064668 | નાગદેવી(અંધેરી) - 9819793001 | કાંદિવલી - 9324370338 |

-: વધુ વિગત માટે સંપર્ક :-

શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વિમાવાળા) ઉપપ્રમુખ 9323742789

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ | માનદમંત્રી | *9833116262* | શ્રી કેતનભાઈ હસમુખભાઈ શાહ | માનદમંત્રી | *9820190551* |
| શ્રી જયેશભાઈ કુમારપાળ શાહ | માનદમંત્રી | *9820126885* | શ્રી સુનીલભાઈ શશિકાંત ઝવેરી | સહમંત્રી | *9820782820* |

## ખોસ નોંધ

**૦ સિનિયર સિટિઝનનો આ પ્રોગ્રામ ૬૦ વર્ષ અને એથી ઉપરના વય વાળા માટે છે**
**૦ પ્રોગ્રામ ટાઈમ ૯.૩૦ થી બપોરે ૧ વાગ્યા સુધી રહેશે વહેલો તે પહેલોના ધોરણે સીટ મેળવવાની રહેશે.**
**૦ જમવાની વ્યવસ્થા સુંદરબાઈ હોલ ખાતે બપોરે ૧૨.૩૦ કલાકેથી રાખવામાં આવેલ છે.**

# શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ દ્વારા આયોજિત દાંડિયા રાસ - ઝલક





શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ આયોજીત **તા. ૦૮-૧૦-૨૦૨૩ના ગોરેગામ, નેસ્કો ગ્રાઉન્ડ** ખાતે દાંડિયા રાસનો રંગારંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સાંજે ૭.૩૦ કલાકે શરૂ થનાર કાર્યક્રમ માટે ઉત્સાહથી લોકો સજીધજીને રાસ રસિયાઓ આવ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રોગ્રામ સમિતિના અધ્યક્ષ અને ઉપપ્રમુખ **શ્રી રોહિતભાઈ એમ. શાહ, શ્રીમતી અલ્પાબેન વી. શાહ અને શ્રી કલ્પેશભાઈ આર. ઝવેરીએ** સૌનું સ્વાગત કર્યું હતું.

૫.૩૦ વાગ્યાથીજ રંગબેરંગી અને પરંપરાગત વસ્ત્રો પરિધાન કરેલ ખેલૈયાઓ આવ્યા હતા. **શ્રી મનીષ પારેખ ડ્રમબીટ્સના સથવારે સાથી કલાકારો કવિતા રામ, અમીત સિન્હા, ધનશ્રી કારગાવકર, ભવ્ય શાહે** ગરબા રાસની શરૂઆત કરી હતી.

કાર્યક્રમના મધ્યાંતરમાં આપણા ડાયનેમીક પ્રમુખ અને હંમેશા ઉત્સાહથી થનગનતા એવા **શ્રી દાનેશભાઈએ** પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, પ્રથમ ઉપપ્રમુખ શ્રી જનકભાઈ પોતાની નાદુરસ્ત તબિયત હોવાથી અહીં ઉપસ્થિત નથી પણ સમગ્ર કાર્યક્રમને શાનદાર બનાવાવ પાછળ ઘરે બેઠા સંપૂર્ણ પ્રોગ્રામનું આયોજન કરવામાં ભાગ લીધો હતો તે બદલ આપણે તેમના આભારી છીએ. તે ઉપરાંત ગોરેગામ યોજિત **'સૌરભ મેડિકલ હેલ્થ કેર' સેન્ટરની માહિતી** આપી હતી અને સૌને ઉદઘાટનમાં માટે નિમંત્રણ આપ્યું હતું.

આ દાંડિયા રાસ કાર્યક્રમને રંગારંગ બનાવવામાં આપણા સૌજન્ય દાતાઓ **શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા), શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી), શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ (સોમીરા ડાયમંડ) શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ, ડૉ. જશવંતભાઈ મણિલાલ શાહનો** સિંહ ફાળો રહ્યો છે.

કાર્યક્રમના એન્ટ્રી પાસ મુંબઈના દરેકે દરેક ખુણામાં પહોંચાડવાનું કપરુ કાર્ય **શ્રીમતી અલ્પાબેન વી. શાહ તેમજ શ્રી કલ્પેશભાઈ આર. ઝવેરીના નેતૃત્વમાં *"Dynamic Dandiya Squad"*** એટલે કે **શ્રી જનકભાઈ એ. શાહ, શ્રી હિતેનભાઈ સી.વિમાવાળા, શ્રી જ્યોતિન્દ્રભાઈ જે. દેવડાવાળા, શ્રીમતી મોનાબેન વી. શાહ, શ્રી ભાવિકભાઈ બી. શાહ, શ્રી નિલેશભાઈ કે. શાહ (ભાયંદર), શ્રી નીલેશભાઈ આર. શાહ, શ્રી જીગરભાઈ શાહ, શ્રી મિલનભાઈ વી. શાહ અને શ્રી મયુરભાઈ એસ. શાહનો** આભાર માનવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે **શ્રી રોહિતભાઈ, અલ્પાબેન અને કલ્પેશભાઈ સાથે ખડે પગે રહેનાર શ્રી સંજયભાઈ, ગોરેગામ શ્રી પરેશભાઈ, નિલેશભાઈ અરૂણભાઈ, પરાગભાઈ, મિતેશભાઈ, ચીરાગભાઈ, મેહુલભાઈ એન. શાહ, સંજયભાઈ એસ. શાહ તેમની સેવાને બિરદાવવામાં આવી હતી.**

ખેલૈયાઓ તેમજ અન્ય ભાઈ બહેનો ઢોલીના સથવારે જોશભેર મન મુકી ગરબા-રાસ રમ્યા અને ઝુમ્યા ત્યારે નિર્ણાયકો **શ્રી કસ્તુરીબેન ગડા, શ્રી અમીષીબેન કપાસી અને શ્રી નિલેશભાઈ મહેતાને** પણ પસંદગી ક્રમ આપવું જરા કઠીન બની ગયું હતું. ત્યારબાદ દરેક ગ્રુપ પ્રમાણે બાળકોથી લઈ સિનિયર સીટીઝન પર્યંતના મેલ/ફિમેલના તેમજ સર્વોત્તમ દંપત્તિ તથા સર્વશ્રેષ્ઠ પરિધાનના એમ કુલ્લે ૩૦ પારિતોષિકનું મંડળના હોદ્દેદારો તથા દાતાશ્રીના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન શ્રીમતી પવન પ્રીતજીએ કર્યુ હતું. આભાર વિધિ સેક્રેટરી **શ્રીમતી અલ્પાબેન વી. શાહ** દ્વારા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં લોકોએ સાંજના ૫.૩૦ વાગ્યાથી આવવાની શરૂઆત કરી હતી. ચોવિહારની પણ વ્યવસ્થા રાખવામાં આવી હતી. લોકોએ વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ ભોજનની પણ મજા માણી હતી. લગભગ ૧૬૦૦ લોકોની હાજરીમાં રાતે ૧૧.૩૦ કલાકે કાર્યક્રમનું સમાપન કર્યુ હતું.

આ ઉપરાંત પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે પણ લોકોએ આ કાર્યક્રમની તેમજ સમાજની શોભા વધારી હતી તે સર્વેનું પ્રોગ્રામ સમિતિ દ્વારા આટલી મોટી સંખ્યામાં સહુનો હાજર રહ્યા તે બદલ પટણીઓનો ખુબ ખુબ આભાર માનવામાં આવ્યો હતો.

***A Big thanks to all See U next Year***
























Our Strong




























AAROGYA 365
Presents... Infertility Profile
Prevention is always a better option than cure
Get your Preventive Infertility Profile done today!
Infertility Profile - Male
Haemogram(CBC)
Follicle Stimulating Hormone (FSH)
Thyroid Stimulating Hormone (TSH)
Total Testosterone
Anti HCV
Semen Analysis
Australia Antigen (HbsAg)
HIV I & II Antibodies
1899
Infertility Profile - Female
Haemogram(CBC)
Blood Sugar - Random
Follicle Stimulating Hormone (FSH)
Leutinising Hormone Specific (LH)
Prolactin
E2 Estradiol
Serum Progesterone
Thyroid Stimulating Hormone (TSH)
Total Testosterone
Mullerian Inhibiting Substance (AMH)
Anti HCV
Australia Antigen (HbsAg)
HIV I & II Antibodies
3799
Home Collection Facility Available
9031 247 365
ONLINE BOOKING
Website :
www.aarogya247365.com
GOREGAON
BORIVALI
MIRA ROAD
ADVT





AHMEDABAD
A-104 Stellar, Sindhu
Bhavan Road, Bodakdev,
Ahemdabad - 380054
Ph. 97007 49000
MUMBAI
Shop No. 18, GF,
Hormuz Mansion
72, Bhulabhai Desai Marg,
Near Breach Candy Hospital,
Mumbai - 400026
Ph - 9819928299
patola_bynirmalsalvi
PATOLA
BY NIRMAL SALVI
Original GI 232 Certified Patan Patola Sarees & Dupattas, Lehangas
Single Ikat Patola, Semi Patan Patola, Accessories, Menswear and Bandhani
ADVT

# ગરવારે ક્લબ હાઉસની ચૂંટણીમાં જ્વલંત વિજય

મુંબઈની ખુબ જ પ્રસિદ્ધ અને પ્રેસ્ટીજીયસ ગરવારે ક્લબ હાઉસ-ચર્ચગેટની તાજેતરની ચૂંટણીમાં જાહેર થયેલ પરિણામ અનુસાર આપણા સમાજનાં ચારેય ઉમેદવારો તેની સંપૂર્ણ ડાયનામીક પેનલ્સ સાથે જંગી બહુમતીથી વિજયી નિવડ્યા છે તે બદલ હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન.



**શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ**
**(મારફતિયા મહેતાનો પાડો)**



**શ્રી અમીતભાઈ સેવંતીલાલ શાહ**
**(ડંક મહેતાનો પાડો)**



**શ્રી મનીષભાઈ મીતીનભાઈ શાહ**
**(કનાસાનો પાડો)**



**શ્રીમતી પાયલબેન રાહુલભાઈ શાહ**
**(પોળની શેરી)**

## મનઝરૂખો

કાવ્ય સર્જનને માટે સઘળુ ત્યજીને કલમને ખોળે જીવવાનો ભેખ ધારણ કરનાર ઈટાલિયન કવિ રોઝિલી પાસે આજીવિકાનું અન્ય કોઈ સાધન ન હતું. એની કવિતા પ્રસિદ્ધ થાય ત્યારે સામાયિકો નજીવો પુરસ્કાર આપતા અને ઘણા વર્ષો પછી તૈયાર થયેલો કાવ્યસંગ્રહ વેચાય તો એમાંથી નજીવી રોયલ્ટી મળતી હતી. આટલી ટૂંકી આવક પર એ ગુજરાન ચલાવતો હતો.

ઈટાલીના આ કવિને ક્યારેક એક ટંક ભોજન કરીને દિવસ પસાર કરવો પડતો હતો તો ક્યારેક અતિ અલ્પ ભોજનથી ચલાવી લેવું પડતું હતું. આ કવિની કવિતાએ યુરોપને છેલ્લુ લગાડ્યુ હતું અને તેથી જ તેમની ખ્યાતિ જુદા જુદા દેશોમાં પ્રસરેલી હતી.

રોઝિલી ફ્રાન્સના પ્રવાસે ગયા અને એ સમયે ફ્રાન્સની કલાશોખીન પ્રજાએ આ કવિના અભિવાદન માટે એક નવીન યોજના કરી. એમણે નગરના વિશાળ ઉદ્યાનમાં કવિની પ્રતિમા પ્રસ્થાપિત કરવાનું નક્કી કર્યું આને માટે જરૂરી ભંડોળ પણ એકત્રિત કર્યું અને કવિ પ્રતિમાં તૈયાર કરવાનું કામ હાથ ધર્યું.

કવિને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે એમણે સન્માન સમિતિના પ્રમુખને બોલાવ્યા અને પૂછ્યું, 'તમે તમારા આ કવિની પ્રતિમાં પાછળ કેટલા ફ્રેન્ક ખર્ચ કરવા ઈચ્છો છો ?'

પ્રસંશકોએ કહ્યું, 'અમારે ભવ્ય પ્રતિમા બનાવવી છે કારણ કે આપની કવિતાએ અમને જીવનમાં અવર્ણનીય આનંદ આપ્યો છે. લગભગ નેવું લાખ ફ્રેન્ક થશે.'

આ સાંભળી રોઝિલી ગંભીર થઈને બોલ્યો, 'અરે મિત્રો તમારી કલા રસિકતાને હું દાદ આપું છું, પરંતુ તમે મને માત્ર પિસ્તાલીસ લાખ ફ્રેન્ક આપો, તો ય પ્રતિમાને સ્થાને હું ખુદ જોડાઈ જવા તૈયાર છું.

પ્રસંશકોએ માન્યુ કે કવિ તો મજાક કરે છે, તેથી તેમની વાત પર ધ્યાન આપવાને બદલે હસી કાઢી.

કવિ મનોમન બોલી ઉઠ્યા, 'આ તે વિધિની કેવી વક્રતા ! મને પેટ પૂરતું ખાવા મળતું નથી અને મારા ચાહકો મારી પ્રતિમાની પૂજા માટે પારાવાર ધન ખર્ચી રહ્યા છે.'

અસ્તુ

## હેવાનિયતની હદ... !

કહેવાય છે યુદ્ધમાં તો બધું ચાલે !
હથિયાર ઉગામે સામસામા,
